# નવસારીમાં દીપડાના ત્રાસથી ભય

**નાની** કરોડ ગામમાં દીપડાએ બકરીને ફાડી ખાધી

**વાસણ** ગામની વાડી વિસ્તારમાં પણ દીપડાના પગલાં મળી આવ્યા

નવસારી : નવસારીના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાની હિલચાલની આશંકાએ ખેડૂતો અને ખેતમજૂરોમાં ફફડાટ ફેલાયો છે. નાની કરોડ ગામમાં દીપડાએ બકરી પર હુમલો કરી તેને ફાડી નાખતાં ભયનો માહોલ સર્જાયો છે, જ્યારે અમલસાડ નજીકના વાસણ ગામની વાડી વિસ્તારમાં પણ દીપડાના પગલાં મળી આવતાં વનવિભાગે પાંજરું ગોઠવી સાવચેતીના પગલાં ભર્યા છે.

નાની કરોડના હળપતિ વાસમાં રહેતા સંગીતાબેન હળપતિ બકરા ચરાવવા ગયા હતા. તે દરમિયાન અચાનક દીપડાએ બકરી પર હુમલો કરતા બકરીનું મોત થયું હતું. બનાવની જાણ થતાં આસપાસના લોકોમાં દોડધામ મચી હતી. દીપડાની હાજરીની આશંકાથી ખેડૂતો અને ખેતમજૂરોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

દરમિયાન અમલસાડ નજીકના વાસણ ગામમાં પણ દીપડાની સંભાવનાએ વનવિભાગને દોડતું કર્યું છે. સરિબુજરંગ શાંતિવન સોસાયટીમાં રહેતા મીનાબેન પટેલની વાડીમાં એક સપ્તાહ અગાઉ પ્રાણીના પગલાં જોવા મળ્યા હતા. તપાસમાં ત્રણથી ચાર વર્ષના દીપડાના હોવાનું જણાવાતા વાડીમાં તાત્કાલિક પાંજરું ગોઠવવામાં આવ્યું છે. આ વિસ્તારમાં આંબા અને ચીકુની વાડીઓ આવેલી હોવાથી ખેડૂતો તેમજ ખેતમજૂરોની અવરજવર સતત રહે છે. ઓગસ્ટ મહિનામાં અંચેલીની દીપડો દેખાયો હતો. એક બાદ એક વિસ્તારોમાં દીપડાની હિલચાલ સામે આવતા ગ્રામજનોમાં ચિંતા વધી છે. વનવિભાગે ખેડૂતો અને ખેતમજૂરોને સાવચેતીપૂર્વક અવરજવર કરવા તથા દીપડો કે તેના પગલાં નજરે પડે તો વનવિભાગને જાણ કરવા અપીલ કરી હતી.

## સિંણધઈમાં દીપડાની લટારથી ભય


નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા તાલુકાના સિંણધઈ ગામના ઘાંચીવાડ ફળિયા ખાતે રાત્રિના સમયે રહેણાંક વિસ્તારમાં રસ્તા પર દીપડો લટાર મારતો જોવા મળતાં ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. રસ્તા પરથી પસાર થઈ રહેલા એક વાહનચાલકે દીપડાને જોતા તેનો વીડિયો પોતાના મોબાઇલમાં ઉતારી લીધો હતો. બાદમાં આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પંથકમાં દીપડાની ચર્ચા શરૂ થઈ હતી. રાત્રિના સમયે રહેણાંક વિસ્તારમાં દીપડો દેખાતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. ગ્રામજનોએ વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં દીપડાની હિલચાલ અંગે તકેદારી રાખવા તથા જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

## પારડીના આસ્મા ગામે બાઈક વીજપોલ સાથે અથડાતા યુવાનનું મોત



પારડી : પારડીના આસ્મા ગામ નજીક બાઈક વીજળીના થાંભલા સાથે અથડાતા યુવાનનો જીવ ગયો હતો. અરનાલાના મંદિર ફળિયામાં રહેતા ૨૬ વર્ષીય સાજન પટેલ બાઈક (GJ-15-DL-7128) લઈને આસ્મા ગામે સાસરીમાં જવાનું કહીને નીકળ્યા હતાં. આ દરમ્યાન રાત્રે કોળીવાડ ફળિયાથી વરઈ ગામ તરફ જતા માર્ગ પર સાજનભાઈએ બાઈક પરનો કાબૂ ગુમાવતા બાઈક રોડની સાઈડમાં આવેલા વીજળીના થાંભલા સાથે અથડાઈ હતી. ઘટનામાં યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા પારડીની હોસ્પિટલ ખસેડ્યા હતાં. ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પારડી પોલીસે મૃતદેહને PM અર્થે પારડી સરકારી દવાખાને ખસેડ્યો હતો. આ મામલે મૃતકના પિતા અનિલ પટેલે ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંસદાના લાખાવાડી પાસે કાર અડફેટે મોપેડ સવારનું મોત


નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા-ચીખલી માર્ગ પર લાખાવાડી ગામની હદમાં સોમવારે સવારે એમજી હેક્ટર ગાડીના ચાલકે મોપેડને અડફેટે લેતાં મોપેડ સવાર 78 વર્ષીય આધેડનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં એમજી હેક્ટરના ચાલકના 10 વર્ષીય પુત્રને પણ ઇજા થતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. રૂપવેલના મોવડી ફળિયામાં રહેતા નરોત્તમ પટેલ સોમવારે સવારે પોતાની એક્ટિવા મોપેડ નં. GJ-21-BM-7481 લઈને લાખાવાડી ગામની હદમાં ઉતારા ફળિયા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એમજી હેક્ટર ગાડી નં. GJ-19-BE-3009ના ચાલક હિમાંશુ બાબુભાઈ પટેલ (રહે. રાનકુવા, કૃષ્ણકુંજ સોસાયટી, તા. ચીખલી)એ તેમની મોપેડને અડફેટે લીધી હતી. અકસ્મતમાં નરોત્તમભાઈ પટેલને ગંભીર ઇજાઓ પહોંચતાં તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે એમજી હેક્ટરના ચાલક હિમાંશુ પટેલ અને તેમના 10 વર્ષીય પુત્રને પણ ઇજાઓ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે મૃતક નરોત્તમભાઈ પટેલના જમાઈ સતીશ વલ્લભભાઈ પટેલે એમજી હેક્ટરના ચાલક હિમાંશુ પટેલ વિરુદ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

### પારડીની એન.કે. દેસાઈ કોલેજમાં પુસ્તક વિમોચન



વલસાડ : પારડીમાં આવેલી એન.કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં ડો.દિપેશ શાહ દ્વારા રચિત પ્રેરણાદાયી પુસ્તક 'સંઘર્ષ' અને ડો.શિવાની આચાર્ય દ્વારા કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ માટે ખાસ તૈયાર કરાયેલું 'માર્કેટિંગ ડાયનેમિક' પુસ્તકનું વિમોચન કરાયું હતું. મુખ્ય અતિથિ તરીકે વાપી રોફેલ કોલેજના આચાર્યા ડો. હેમાલી દેસાઈ, રમેશ શાહ તથા પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંત દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત મહેમાનોના હસ્તે 'સંઘર્ષ' અને 'માર્કેટિંગ ડાયનેમિક' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. લેખક ડો. દીપેશ શાહ દ્વારા 'સંઘર્ષ' પુસ્તકનો પરિચય આપવામાં આવ્યો હતો. 'સંઘર્ષ' પુસ્તક જીવનમાં આવતાં પડકારો, સમસ્યાઓ અને સંઘર્ષોને પાર કરીને સફળતા તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આસિસ્ટન્ટ પ્રો. ડો.શિવાની આચાર્ય અને નિરવ સુરતી દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે સહયોગ આપનાર તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરાયો હતો. કોલેજના આસિસ્ટન્ટ પ્રો. ડો.શિવાની આચાર્ય દ્વારા તૈયાર કરવામાં આવેલા પુસ્તક MARKETING DYNAMICS કે જે કોલેજના કોમર્સના વિદ્યાર્થીઓ માટે ખાસ તૈયાર કરાયું છે. આ સમગ્ર કાર્યક્રમથી કોલેજ પરિસરમાં સાહિત્ય, શિક્ષણ અને સર્જનાત્મકતાનું સુંદર વાતાવરણ સર્જાયુ હતું.

### ગણદેવી સુગર ફેક્ટરીને રાષ્ટ્રીય સ્તરે સૌથી વધુ ખાંડ રિકવરીનો પ્રતિષ્ઠિત એવોર્ડ


કેરસી બારીયા

બીલીમોરા : નવી દિલ્હી ખાતે નેશનલ ફેડરેશન ઓફ કો-ઓપરેટિવ સુગર ફેક્ટરીઝ લિ. દ્વારા આયોજિત વાર્ષિક એવોર્ડ સમારંભમાં ગણદેવી સુગર ફેક્ટરીને 'સૌથી વધુ ખાંડ રિકવરી' માટેનો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રતિષ્ઠિત સન્માન ગણદેવી સુગર ફેક્ટરી વતી ચેરમેન અમિતભાઈ પટેલ અને વાઇસ ચેરમેન અલ્પેશભાઈ દેસાઈએ સ્વીકાર્યું હતું. રાષ્ટ્રીય સ્તરે મળેલા આ એવોર્ડથી ગણદેવી સુગર ફેક્ટરીના સંચાલક મંડળ, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ ખેડૂતોમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. શેરડીમાંથી વધુ પ્રમાણમાં ખાંડ મેળવવા માટે ગુણવત્તાયુક્ત શેરડી, યોગ્ય સમયસર શેરડીની પિલાણ પ્રક્રિયા, આધુનિક ટેક્નિકલ પદ્ધતિઓ, અસરકારક મિલ સંચાલન અને કુશળ માનવબળ જેવા વિવિધ પરિબળો મહત્વપૂર્ણ રહે છે. ગણદેવી સુગર ફેક્ટરીએ આ તમામ ક્ષેત્રોમાં સુદૃઢ કામગીરીના પરિણામે રાષ્ટ્રીય સ્તરે આ ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ફેક્ટરીની આ સિદ્ધિ પાછળ સંસ્થાના સંચાલક મંડળના માર્ગદર્શન સાથે અધિકારીઓ અને કર્મચારીઓની મહેનત તેમજ ખેડૂતોનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. આ એવોર્ડ માત્ર ગણદેવી સુગર ફેક્ટરીનું સન્માન નથી, પરંતુ સમગ્ર ગણદેવી વિસ્તારના શેરડી ઉત્પાદક ખેડૂતો માટે પણ ગૌરવની બાબત બની છે. રાષ્ટ્રીય સ્તરે મળેલા આ સન્માનથી ગણદેવી સુગર ફેક્ટરીની સહકારી ક્ષેત્રમાં આગવી ઓળખ વધુ મજબૂત બની છે. એવોર્ડ પ્રાપ્ત થતાં ચેરમેન અમિતભાઈ પટેલ, વાઇસ ચેરમેન અલ્પેશભાઈ દેસાઈ, સહકારી અગ્રણી જયંતિભાઇ પટેલ, સભ્યો, અધિકારીઓ-કર્મચારીઓ તથા ખેડૂતોને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

### વિકસિત ભારત અંતર્ગત યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં ચરીની વિદ્યાર્થિની પ્રથમ



ઘેજ : ચીખલી તાલુકામાં વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં ચરી પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની તાલુકા કક્ષાએ પ્રથમ આવતા શાળા પરિવારમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી.વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત દિગેન્દ્રનગર હાઈસ્કૂલમાં ભારતની નવી ગતિ વિષય પર યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં ૧૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને જેમાં ચરી પ્રાથમિક શાળાની ધોરણ ૮ ની વિદ્યાર્થિની બુસરાખાતુન શેખ મન્સૂરીએ પ્રથમ નંબર મેળવી વિજેતા થતા શાળાના આચર્યા અલ્પેશભાઈ ઉપરાંત ભરતભાઈ ભરડા, જ્યોત્નસાબેન, પન્નાબેન, પ્રિયંકાબેન, ગામના સરપંચ કીર્તિબેન નિલેશભાઈ સહિતનાઓએ આનંદની લાગણી વ્યકત કરી બુસરાખાતુન શેખ મન્સૂરીને અભિનંદન પાઠવ્યા હતા.


શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

મજુરી 5.9%*

નવસારી કે સુરતમાં અમારી કોઈ બ્રાંચ નથી.

R.A. Parikh Jewellers NX

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

*શરતો લાગુ


# વલસાડમાં 'વોટ ચોર ગાદી છોડ'ના નારા સાથે કોંગ્રેસનો હોબાળો

**કાર્યકરોની** અટકાયત બાદ એડિશનલ કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું



વલસાડ : વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા દેશમાં ચૂંટણી પંચની કામગીરી અને મતદાર યાદીમાં ગેરરીતિઓના આક્ષેપો સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ "વોટ ચોર ગાદી છોડ"ના ભારે સૂત્રોચ્ચાર કરી વાતાવરણ ગજવી મૂક્યું હતું. વિરોધ પ્રદર્શન બાદ કાર્યકરો કલેક્ટર કચેરી તરફ આગળ વધતાં પોલીસે કલેક્ટર કચેરી પહોંચે તે પહેલાં જ ડિટેઇન કરી લીધા હતા. જોકે, બાદમાં પોલીસ દ્વારા તેમને કલેક્ટર કચેરી બહાર મુક્ત કરવામાં આવતાં કોંગ્રેસના પ્રતિનિધિમંડળે એડિશનલ કલેક્ટરને રૂબરૂ મળી આવેદનપત્ર સુપરત કર્યું હતું.

વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ સાંસદ કિશન પટેલ સહિતના આગેવાનોની સહીવાળા આવેદનપત્રમાં આક્ષેપ કરાયો છે કે ભારતના ચૂંટણી પંચમાં મોટા પાયે ગેરરીતિઓ ચાલી રહી છે. આવેદનમાં જણાવાયું છે કે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) અંગે અન્ય કમિશનરોને અંધારામાં રાખી નવા મતદારોના અનધિકૃત ઉમેરા, નામો કાઢી નાખવા તેમજ દિલ્હીમાં ચૂંટણી પંચની IT સિસ્ટમનું કેન્દ્રીકરણ કરવામાં આવી રહ્યું છે.

### કોંગ્રેસના આક્ષેપો પાયાવિહોણા, સત્તા વિના બેબાકળી બની : ભાજપ

વલસાડ : કોંગ્રેસના આ વિરોધ પ્રદર્શન અને આવેદનપત્ર બાદ વલસાડ જિલ્લા ભાજપ દ્વારા તાબડતોબ એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ હેતલ પટેલની અધ્યક્ષતામાં અને જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ દ્વારા લગાવવામાં આવેલા તમામ આક્ષેપોને સદંતર પાયાવિહોણા ગણાવી ફગાવી દેવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલ પટેલે જણાવ્યું હતું કે, જનતાએ કોંગ્રેસને નકારી દીધી છે અને લાંબા સમયથી સત્તાથી દૂર રહેવાના કારણે કોંગ્રેસ સાવ બેબાકળી બની ગઈ છે. આધાર વગરના અને તથ્યહીન આરોપો લગાવીને કોંગ્રેસ માત્ર રાજકીય રોટલા શેકવાનો અને લોકોમાં ભ્રમ ફેલાવવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહી છે.

## પારડીના તળાવમાં 2 આખલાનું યુદ્ધ જામ્યું


અમૃત પટેલ

પારડી : પારડી સ્થિત જાણીતા ઐતિહાસિક 99 એકર તળાવમાં બે આખલા અચાનક સામસામે આવી ગયા હતા અને તેમની વચ્ચે જોરદાર યુદ્ધ શરૂ થયુ હતું. મુખ્ય માર્ગો પર આખલાઓની લડાઈથી લોકો સામાન્ય રીતે દૂર ભાગતા હોય છે અને ભયનો માહોલ સર્જાય છે, પરંતુ પાણીની અંદર ખેલાયેલું આ 'વોટર વોર' જોવા માટે ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને સ્થાનિક લોકો થંભી ગયા હતા. પાણીમાં ખેલાયેલા આ યુદ્ધને જોવા માટે લોકોના કિનારે એકઠા થઈ ગયા હતા અને આ દ્રશ્યોને પોતાના કેમેરામાં કેદ કર્યા હતા.

## ગણદેવીમાં ઢાબા પર ચીકનના નાણાં ચુકવવા બાબતે યુવાન પર હુમલો

બીલીમોરા : ગણદેવીના કસ્બાવાડી ફાટક પાસે આવેલા ઢાબા પર ચીકનના નાણાં ચુકવવા બાબતે થયેલી બોલાચાલીમાં ત્રણ ઈસમોએ યુવાન પર હુમલો કર્યો હતો. ખાટકીવાડ નાકા ખાતે રહેતો નયન પટેલ કસ્બાવાડી ફાટક પાસે આવેલા એલેક્સના ઘર સામેના ઢાબામાં ચીકન ખાવા ગયો હતો અને તેણે નાણાં ચુકવી દીધા હતા. આ દરમિયાન ત્યાં આવેલા અશ્વિનભાઈ સાથે આરોપી એલેક્સ ઉર્ફે અજય હળપતિને નાણાં ચુકવવા બાબતે બોલાચાલી થઈ હતી. એલેક્સે અશ્વિનભાઈને થાપટો મારી દીધી હતી. આ ઝઘડો છોડાવવા વચ્ચે પડેલા ફરિયાદી નયનભાઈ પર એલેક્સે લાકડાના હાથા વડે હુમલો કર્યો હતો. તે જ વખતે સાગર લોખંડનો સળિયો લઈને આવી પહોંચ્યો હતો અને મિતુલ રમેશભાઈએ પણ નયનભાઈને માર માર્યો હતો. આ ત્રણેય આરોપીઓએ જાહેરનામાનો ભંગ કરી આ ગુનો આચર્યો હતો. બનાવ બાદ ઈજાગ્રસ્ત નયનભાઈને સારવાર અર્થે ગણદેવીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે ગણદેવી પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધીને પી.એસ.આઈ. એન.એ. પટેલ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.


નિલેશ કાપડિયા

## વાંસદામાં ચાય પે નહીં ચીની પે ચર્ચા, સસ્તા દરે ખાંડનું વિતરણ

**વાંસદા** તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મોંઘવારીના વિરોધમાં કાર્યક્રમ યોજાયો

વાંસદા : વાંસદા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ચાય પે નહીં ચીની પે ચર્ચાનો કાર્યક્રમ વાંસદા - ચીખલીના ધારાસભ્ય અનંત પટેલની અધ્યક્ષતામાં રાખવામાં આવ્યો હતો.

વાંસદા પંથકમાં હનુમાનજી મંદિરના પટાંગણમાં મોંઘવારીના વિરોધમાં ચાય પે નહીં ચીની પે ચર્ચાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં વાંસદા ચીખલીના ધારાસભ્ય અનંત પટેલ દ્વારા સસ્તા દરે ખાંડ મધ્યમ વર્ગી અને ગરીબ લોકો માટે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં 2000 કિલો ખાંડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે ભાજપ સરકાર દ્વારા મોંઘવારીને કાબુમાં રાખવાના વાયદા કરવામાં આવ્યા હતા, પરંતુ મોંઘવારી કાબુમાં આવી નહીં.

ચાય પે ચર્ચાના નામે નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બની ગયા પરંતુ ખાંડનો ભાવ વધારીને મધ્યમ વર્ગી અને ગરીબોની ચા સ્વાદ વગરની કરી દીધી છે. આવનારા દિવસોમાં સસ્તી ખાંડ વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ રાજેશ ચૌધરી, જિ. પંચાયત વિરોધ પક્ષના નેતા નિકુંજ ગાંવિત, તા. પંચાયત વિરોધ પક્ષના નેતા ધર્મેશ ભોયા, રાજીત પાનવાલા, ઈલિયાસ પ્રાણીયા, મનીષ પટેલ, ગૌરાંગ પટેલ, પ્રણવ, તા. પં. સભ્ય ટીનાબેન, પ્રેમિલાબેન, ધનજીભાઈ, અનિલ પટેલ, ગણેશ બિરારી, વગેરે હાજર રહ્યા હતા.

# ડાંગ જિલ્લામાં સૂત્રોચ્ચાર સાથે જ્ઞાનેશ કુમારના પૂતળાનું દહન

**આહવામાં** "વોટ ચોર, ગાદી છોડ"ના નારા સાથે કોંગ્રેસ કાર્યકરોનો ઉગ્ર વિરોધ


ગિરીશ ભોયે

સાપુતારા :ચૂંટણી પંચની કાર્યપ્રણાલી સામે રોષ વ્યક્ત કરવા ડાંગ જિલ્લા કોંગ્રેસ પાર્ટી દ્વારા આહવા ખાતે કોંગ્રેસના કાર્યકરો પોસ્ટરો અને બેનરો લઈને હાથ પર કાળી રિબન બાંધીને વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન વોટ ચોર, ગાદી છોડ જેવા સૂત્રોચ્ચારથી કલેક્ટર કચેરીનો પરિસર ગૂંજી ઉઠ્યો હતો. કાર્યકરોએ ચૂંટણી કમિશનરના પૂતળાનું દહન કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે રોકવાનો પ્રયાસ કર્યો હોવા છતાં, કાર્યકરોએ પૂતળું સળગાવ્યું હતુ. આ સમગ્ર ઘટનાને પગલે કલેક્ટર કચેરી બહાર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. જેનાથી રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. આ ઉગ્ર વિરોધ પ્રદર્શનમાં ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સ્નેહલ ઠાકરે, માજી ધારાસભ્ય મંગળભાઈ ગાવીત, સૂર્યકાંત ગાવીત, મોતીલાલ ચૌધરી અને વીણાબેન ગાંગુર્ડે સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીમાં ગંદુ પાણી કાઢવા બાબતે હુમલો

વાપી : વાપીના ઈમરાન નગર સ્થિત એ.કે. બેકરીની ચાલીમાં રહેતા રૂકસાના ફિરોજ ખાનના પાડોશમાં રહેતો જાવેદ પોતાની માતા અને ભાઈ સાથે ઝઘડો કરી રહ્યો હતો. તેણે "મારી રૂમ આગળ ગંદુ પાણી કાઢશો તો જાનથી મારી નાખીશ" તેવી ધમકી આપી બેલ્ટ કાઢી ભાઈ મહેબૂબને માર માર્યો હતો. આ દરમિયાન વચ્ચે પડેલાં ૭૫ વર્ષીય વૃદ્ધ માતાને પણ ધક્કો મારતાં તેઓ નીચે પડી જતા ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત માતાને હોસ્પિટલ ખસેડાયા બાદ રૂકસાના ખાને વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# દાનહ જિ. પં.ની સામાન્ય સભામાં વિકાસ કાર્યોની સમીક્ષા

**ગ્રામીણ** વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓ અને જનસમસ્યાઓના વહેલા ઉકેલ પર ભાર

**બેઠકમાં** રસ્તા, પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ, સ્વચ્છતા અને આવાસ પર ચર્ચા કરવામાં આવી



સેલવાસ : દાદરા અને નગર હવેલી જિલ્લા પંચાયતની સામાન્ય સભાની બેઠક સોમવારે જિલ્લા પંચાયત સંમેલન ખંડ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ નિશા ભાવરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ કલાબેન ડેલકર, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ, ચૂંટાયેલા સભ્યો, મુખ્ય કાર્યકારી અધિકારી, વિકાસ અને યોજના અધિકારી તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. બેઠકમાં જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ચાલી રહેલા વિકાસ કાર્યો, જનકલ્યાણકારી યોજનાઓ અને પંચાયત સ્તરની પ્રવૃત્તિઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ દરમિયાન રસ્તા, પીવાનું પાણી, સ્ટ્રીટ લાઈટ, સ્વચ્છતા, આવાસ તથા અન્ય મૂળભૂત સુવિધાઓ સાથે જોડાયેલી લોક સમસ્યાઓ પર વિસ્તૃત ચર્ચા થઈ હતી. જિલ્લા પંચાયત પ્રમુખ નિશા ભાવરે સંબંધિત અધિકારીઓને જનસમસ્યાઓનો વહેલી તકે ઉકેલ લાવવા તથા વિકાસ કાર્યોના અસરકારક અમલીકરણ માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા. તેમણે ગ્રામીણ વિકાસ, સ્વચ્છતા, પીવાનું પાણી, આવાસ અને મહિલા સશક્તિકરણ સાથે જોડાયેલા કાર્યોને પ્રાથમિકતાના ધોરણે આગળ વધારવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત વિવિધ વિભાગો દ્વારા યોજનાઓની પ્રગતિ, સિદ્ધિઓ અને બાકી રહેલા કાર્યોની માહિતી સભા સમક્ષ રજૂ કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લાના સર્વાંગી વિકાસ માટે વિભાગો અને પંચાયત સ્તરના જનપ્રતિનિધિઓ વચ્ચે વધુ સારા સમન્વય સાથે કાર્ય કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.